# ધાનેરા વિસ્તાર લીલા લાકડાંનો કાળો કારોબાર નગરજનોનો જીવ લે તે પહેતાં તંત્ર જાગે

બનાસકાંઠા જિલ્લા ના ધાનેરા સહિત સમગ્ર બનાસકાંઠા જિલ્લા માં લીલા વૃક્ષો નું નિકનદન નીકળી રહ્યું છે ત્યારે ધાનેરા સહીત સમગ્ર બનાસકાંઠા જિલ્લા નું તંત્ર મૂંગા મોઢે તમાશો જોયા કરે છે વૃક્ષો ભરીને જતા ટ્રેક્ટરો લોકો માટે જીવલેણ બને તો પણ કોઈ નવાઈ ની વાત નથી અને હવે તો રાજેસ્થાન થી



પણ લીલા લાકડા ભરીને ટ્રેક્ટર ધાનેરા આવી રહ્યા છે માટે તંત્ર જાગે અને તાત્કાલિક કાર્યવાહી કરે તેવી લોક માંગ ઉઠવા પામી છે.

ધાનેરા ના આજુ બાજુ ના વિસ્તાર માં દરરોજ મોટા પાયે લીલા વૃક્ષો ની કટિંગ કરવામાં આવે છે અને ૫૦ કરતા પણ વધુ લીલા લાકડા ભરેલા ટ્રેક્ટરો ધાનેરા ની સૌમિલ માં ઠલવાય છે લોકો તેમજ મીડિયા દ્વારા પણ તંત્ર ને વારંવાર રજુઆત કરવામાં આવી રહી છે છતાં પણ તંત્ર આ લોકો સામે કાર્યવાહી ન કરતા અનેક તર્ક વિતર્ક જોવા મળી રહ્યા છે....અગાઉ પણ ધાનેરા વિસ્તાર લીલા લાકડા ભરેલા ટ્રેક્ટરો એ અનેક અકસ્માતો સર્જ્યા હતા જેમાં કેટલાક લોકો નો તો જીવ પણ ગયો હતો છતાં પણ તંત્ર દ્વારા કોઈજ કાર્યવાહી કરવામાં આવતી નથી ત્યારે આજે પણ એક ટ્રેક્ટર લીલા લાકડા ભરીને આવી રહ્યું હતું અને આ ટ્રેક્ટર માં આવી રીતે લાકડા ભરેલા હતા કે લાકડા જાહેર રસ્તા પર પડી રહ્યા હતા જાહેર રસ્તા પર પડેલા લાકડા ઉપર કોઈ વાહન ચડી જાય તો પણ મોટો અકસ્માત થવાની સાંભવના જોવા મળી રહી છે ધાનેરા ના એક જાગૃત નાગરિક રસ્તા પર થી પસાર થઈ રહ્યા હતા અને તે સમયે તેમની ગાડી ઉપર લાકડા પડતા પડતા રહી ગયા હતા ત્યારે આ જાગૃત નાગરિક દ્વારા ટ્રેક્ટર ચાલક ને જાણ કરાઈ હતી લાકડા રસ્તા પર પડી રહ્યાં છે અને આ લકડા કોઈક મોટો અકસ્માત સર્જશે...ત્યારે ટ્રેક્ટર ચાલક લાજવા ના બદલે ગાજવા મળ્યો હતો અને ટ્રેક્ટર ચાલકે શુ જવાબ આપ્યો તમે પણ સાંભળોમાટે ધાનેરા ના લોકો પણ જણાવી રહ્યા છે કે દરરોજ ૫૦ થી વધુ લીલા લાકડા ભરેલા ટ્રેક્ટરો પસાર થઈ રહ્યા છે અને લીલા વૃક્ષો નું ગેરકાયદેસર કટિંગ થઈ રહ્યું છે છતાં પણ તંત્ર આવા લોકો સામે પગલાં ભરતું નથીધાનેરા વિસ્તાર માં લીલા લાકડા નો કાળો કારોબાર લોકો ના જીવ લે તે પહેલાં તંત્ર જાગે અને કાયદેસર ની કાર્યવાહી કરે તેવી લોક માંગ ઉઠવા પામી છે.

### મોડાસા નગરપાલિકાના ત્રણ કર્મચારીઓએ ફેરિયા પાસેથી

# સામાન્ય વેરો માંગી લારીમાંથી કેળાની લુમ ઉઠાવી

### ટ્રાફિકના નિયમની ઐસી તૈસી, એક જ બાઈક પર ફરતા નગરપાલિકાના વેરો ઉઘરાવતા કર્મચારીઓ : નગરપાલિકાના કર્મચારીઓને સામાન્ય વેરો ન આપનાર પાસેથી વેરાના બદલે ચીજવસ્તુ ઉઠાવાનો હક કોને આપ્યો..?

મોડાસા, તા. ૨૭

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં નગરપાલિકા તંત્ર દ્વારા સ્વચ્છતા અને વહીવટ ખર્ચ અંતર્ગત મોડાસા શહેરના માર્ગો ઉપર લારી પાથરણા અને ફેરિયાઓ પાસેથી સામાન્ય વેરા પહોંચ આપી ૫૦ રૂપિયા વેરા પેટે ઉઘરાવવામાં આવે છે. આ કામગીરી કરતા નગરપાલિકાના કર્મચારીઓ ફેરિયાઓ સાથે દાદાગીરી અને દમ મારતા હોવાની બૂમો અનેકવાર ઉઠી છે. દરરોજનો ધંધો કરી પેટિયું રળી ખાતા ફેરિયાઓ અને પાથરણાવાળા બિચારા મજબૂરીવશ વિરોધ કરતા પણ ગભરાતા હોય છે. નગરપાલિકાના સામાન્યવેરો ઉઘરાવતા ત્રણ કર્મચારીઓની દબંગાઈની આવીજ એક ઘટના કલ્યાણચોકમાં બનતા એક જાગૃત યુવાને સમગ્ર ઘટનાની ફિલ્મ ઉતારી લીધી હતી. એકજ બાઈક પર સવાર થઈ આવેલા નગરપાલિકાના ત્રણ કર્મચારીઓએ માલપુર રોડ પર કલ્યાણ ચોક વિસ્તારમાંથી પસાર થતા કેળાની લારી ભરેલ ફેરિયાને અટકાવી સામાન્ય વેરાના ૫૦



રૂપિયા માંગતા ફેરિયાએ આનાકાની કરતા લારીમાં રહેલા કેળાની લુમ ઉઠાવી લઈ બાઈક પર ચાલતી પકડવા જતા તેમનું વિડિઓ રેકોર્ડિંગ થતું હોવાનું ધ્યાને આવતા કેળાની લુમ લારીમાં પાછી મૂકી ૫૦ રૂપિયાની સામાન્ય વેરાની પહોંચ આપી ૫૦ રૂપિયા લઈ બાઈક પર ચાલતી પકડી હતી. નગરપાલિકાના કર્મચારીઓને સામાન્યવેરાના બદલામાં ચીજવસ્તુઓ ઉઠાવવાની પરવાનગી કોને આપી..? વેરાના બદલામાં ઉઠાવેલ ચીજ વસ્તુઓ નગરપાલિકામાં જમા કરાવતા હશે કે પછી ઘરે લઈ જતા હશે તેવા અનેક પ્રશ્નો લોકોમાં ઉદભવ્યા છે.

મોડાસા નગરપાલિકા તંત્રના સામાન્ય વેરો ઉઘરાવતા કર્મચારીઓના બેજવાબદારી-પૂર્વકના વર્તનથી પદાધિકારીઓ અને સત્તાધીશોએ શરમમાં મુકાવુ પડે તેનું ધ્યાન રાખવું ખુબ જરૂરી છે. મોડાસા નગરપાલિકાના ત્રણ કર્મચારી ટ્રાફિકના નિયમોનો ઉલાળિયો કરી એકજ બાઈક પર સામાન્ય વેરો ઉઘરાવાની દાદાગીરીભરી કામગીરી સમગ્ર નગરમાં ચર્ચાને ચકડોળે ચઢી હતી. મોડાસાના માલપુર રોડ પર કલ્યાણ વિસ્તારમાંથી પસાર થતા કેળાની લારી ભરેલ ફેરિયાને અટકાવી સામાન્ય વેરો માંગતા ફેરિયાએ આનાકાની કરતા લારીમાંથી કેળાની લુમ ઉઠાવી ચાલતી પકડવાની તૈયારી કરતા ફેરિયો બૂમો પાડી કેળાની લુમ પાછી મેળવવા આજીજી કરવા છતાં ત્રણે કર્મચારીઓ ટસના મસ ના થતા ૫૦ રૂપિયાનો વેરો આપ કે પછી કેળાની લુમ ભૂલી જા અને કેળા પાછા નહિ મળેની દાદાગીરી મારતા એક જાગૃત યુવાનને સમગ્ર ઘટના કેમેરામાં કેદ કરતો હોવાની એક કર્મચારીને જાણ થતા અને અન્ય લારીઓવાળાઓએ મધ્યસ્થી કરી કેળાની લારીવાળાને સમજાવતા અને કેળાની લુમ મોંઘી હોવાથી આખરે ફેરિયાએ નમતું જોખી ૫૦ રૂપિયા ભરી સામાન્ય વેરાની પહોંચ લેતા કેળાની લુમ પરત મૂકી હતી. બિચારો લારીવાળાએ આક્રોશ ઠાલવ્યો હતો કે રોજ લારી લઈને ધંધો કરવો પડતો હોવાથી એમની સામે પડીએ તો બીજીરીતે હેરાન કરતા હોવાનું આક્રોશપૂર્વક જણાવી ચાલતી પકડી હતી.



## પાલ્લા હાઈસ્કુલમાં રક્ષાબંધન પર્વની ઉજવણી

ભિલોડા તાલુકાના પાલ્લા ગામની શ્રી આર.એચ.પટેલ વિદ્યાલયમાં રક્ષાબંધન પર્વની ઉજવણીનો કાર્યક્રમ દબદબાભેર યોજાયો હતો. વિદ્યાર્થીનીઓ ધ્વારા વિદ્યાર્થીઓને કુંમ-કુમ તિલક કરી મોં મીઠું કરાવી રાખડીઓ બાંધી હતી. શ્રી આર.એચ.પટેલ વિદ્યાલયમાં વિદ્યાર્થીઓએ ભાઈ-બહેનના સ્નેહની ઝાંખી કરાવી હતી.પાલ્લા હાઈસ્કુલની શિક્ષીકા બહેનો ધ્વારા આચાર્ય ગજાનંદભાઈ પ્રજાપતિ સહિત શિક્ષકોને રાખડી બાંધી રક્ષાબંધન પર્વની ઉત્સાહભેર ઉજવણી કરી હતી. શ્રી આર.એચ.પટેલ વિદ્યાલય આચાર્ય ગજાનંદભાઈ પ્રજાપતીએ વિદ્યાર્થીઓને રક્ષાબંધન પર્વ વિશે માહિતગાર કર્યા હતા.

## બામણા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં રક્ષાબંધન પર્વની ઉજવણી

ભિલોડા,તા.૨૭

બામણા સ્વ. એસ. એચ. જોષી અને બી.કે.જોષી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં રક્ષાબંધન પર્વની ઉજવણી યોજાઈ હતી.કોલેજના પ્રિન્સિપાલ ડાૅ. કલ્પનાબેન પટેલએ રક્ષાબંધનના પર્વનું મહત્વ વિદ્યાર્થીઓને સમજાવ્યું હતું. કોલેજની વિદ્યાર્થીની બહેનો ધ્વારા વિદ્યાર્થી ભાઈઓને રક્ષા સુત્ર બાંધી સાચા અર્થમાં રક્ષાબંધન પર્વની ઉજવણી કરી હતી.

## થાવર ગામની પટેલ સમાજની મહિલાનાં મુત્યુની તપાસ માટે આવેદનપત્ર અપાયું

ધાનેરા તાલુકામાં આવેલ થાવર મુકામે તા.૮.૮.૧૮.નાં રોજ પટેલ સમાજની મહિલા લાલુબેન માનાભાઈ પટેલની દિકરી મુત્યુ થપેલ જે બાબતે મગરાવા મુકામે મુર્તક થપેલ બહેનનાં ઘરે બેસણું રાખવામાં આવેલ હતું તે દરમ્યાન મગરાવા ગ્રામજનોએ પોલીસની નિષ્કાળજી અને ગામની કુવાસીનું આત્મહત્યા બાબતે વધુ તપાસ થવી જોઈએ તે બાબતે મગરાવાનાં સર્વે સમાજનાં લોકોએ એકજુથ થઈ તપાસની માંગ કરી છે તે બાબતે નાયબ કલેક્ટરશ્રીને આવેદનપત્ર આપી વધુ તપાસની માંગ કરી છે.



## ડીસામાં લોધા સમાજ દ્વારા રક્ષાબંધનની કરાતી અનોખી ઉજવણી

ગુજરાતમાં વિવિધ જાતિના ધર્મના લોકો બહારથી આવી વસવાટ કરી રહ્યા છે. જેઓ પોતાના વર્ષોથી પરંપરાગત તહેવારોની ઉજવણી અનોખી રીતે કરતા હોય છે. જે અંતર્ગત બનાસકાંઠા જીલ્લામાં પણ ઉત્તરપ્રદેશથી આવેલા અશિયા લોધા પરિવાર વર્ષોથી ડીસા તેમજ આજુબાજુના વિસ્તારોમાં મોટી સંખ્યામાં વસવાટ કરે છે. જેઓ રક્ષાબંધન પર્વની અનોખી રીતે ઉજવણી કરતા હોય છે. ડીસાના લોધાવાસ તેમજ રેલ્વે સ્ટેશન વિસ્તારમાં રહેતા લોધા પરિવાર જે મૂળ ઉત્તરપ્રદેશથી આવેલા હોઈ રક્ષાબંધન પર્વની પોતાના માદરે વતનની જેમ અહી ઉજવણી કરી રહ્યા છે. શ્રાવણ સુદ સાતમના રોજ લોધા પરિવારની સૌભાગ્યવતી મહિલાઓ વ્રત રાખી ઘરે જવારા વાવે છે. જે જવારા શ્રાવણ સુદ પૂર્ણીમા એટલે કે રક્ષાબંધનના દિવસે કોઈ તળાવ, નદી કે કુવામાં વ્રતધારી મહિલાઓ તેમજ લોધા સમાજના ભાઈ બહેનો જવારાના મૂળિયા તેરવી દેતાં હોય છે. બાદમાં જવારા લઈ લોધાવાસ વિસ્તારમાં આવેલ હરીહર મહાદેવ મન્દિર તેમજ અંબાજી મંદિર, સાત બહેનોનું મંદિર એમ વિવિધ મંદિરમાં જવારા પૂજાપા તરીકે મુકવામાં આવે છે. ત્યારબાદ લોધા સમાજમાં જે કોઈના ઘરે મરણનો શોક હોય અને રક્ષાબંધન પહેલો તહેવાર હોય ત્યાં જઈ લોધા સમાજના ભાઈઓ જવારા આપે છે. ત્યારબાદ શોકમગ્ન પરિવાર શોકમાંથી બહાર આવી જાય છે. બાદમાં શોકવાળા પરીવારજનોના તેમજ સમાજના લોકોની માથે જવારા મુકી બાદ હાથ મીલાવી એકબીજાને ભેટી આનંદ મનાવે છે. જે અનોખી રક્ષાબંધન પર્વની લોધા સમાજ દ્વારા આ વર્ષે પણ કરાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં લોધા સમાજના ભાઈ બહેનો અને વ્રતધારી મહિલાઓ વિવિધ જાતના ગીતોના સથવારે જવારા સાથે નિકળી હતી. રક્ષાબંધન પર્વની અનોખી ઉજવણીમાં લોધા પરિવારના અગ્રણીજનોમાં રમેશભાઈ, રાજુભાઈ, મુકેશભાઈ તથા કાંતિભાઈ લોધા સાથે મિત્રમંડળ સૌ સાથે મળી પર્વની ઉજવણી કરે છે.

## ધાનેરા રક્ષાબંધનના પર્વની ઉત્સાહભેર ઉજવણી : નાનાં ભુલકાંઓએ પણ પોતાના ભાઈને રાખડી બાંધી

ભાઈ બહેન ના રિસ્તા પવિત્ર તહેવાર એટલે રક્ષાબંધન અને આજે સમગ્ર દેશ માં ખુબજ



ઉત્સાહ સાથે રક્ષાબંધનના પર્વ ની ઉજવણી થઈ રહી છે ત્યારે ધાનેરા ધાનેરા માં લોકોએ ખુબજ ઉત્સાહ સાથે રક્ષાબંધનના પર્વ ની ઉજવણી કરી રહ્યા છે તો બીજી તરફ નાના ભુલકાંઓએ પણ પોતાના ભાઈ ને રાખડી બાંધી રક્ષાબંધનના પર્વ ની ઉજવણી કરી હતી.

શ્રાવણ સુદ પૂનમ એટલે રક્ષાબંધન અને આ પવિત્ર દિવસે બહેન ભાઈના કાંડે રક્ષા દોરી રૂપે રાખડી બાંધી અમર રહેવાના અમી આશીષ વરસાવે છે. અને સામસામે મોં મીઠા કરાવે છે ભાઈના જીવનમાં, ભાઈના જીવન વિકાસમાં બહેનની સ્નેહપૂર્ણ અને પ્રેરક શુભેચ્છાનું પ્રતીક રક્ષાબંધન પર્વ છે. મનુષ્ય જન્મે ત્યારથી તેને કોઈને કોઈ પ્રકારનો ભય તો રહેતો જ હોય છે, અને જ્યાં ભય હોય ત્યાં રક્ષા સ્વયંભૂ પ્રગટ થતી હોય છે. રક્ષાની ભાવના પ્રબળ અને તીવ્ર હોય છે. આ રક્ષણ એટલે અંતરની આશિષનું રક્ષણ, હેતભરી શુભ ભાવનાનું રક્ષણ, અદ્રશ્ય પરમાત્મા અને દેવ-દેવીઓને ગદગદ ભાવે કરેલી પ્રાર્થનાનું રક્ષણ.હિંદુ સમાજમાં શ્રાવણી પૂર્ણિમાના દિવસે બધી જ બહેનો પોતાના ભાઈના કાંડે રાખડી બાંધી તેની સર્વ પ્રકારની રક્ષા ઈચ્છે છે. શું રાખડી બાંધીને કોઈની રક્ષા ખરેખર થઈ શકે? મહત્વ રક્ષાબંધનનું નથી, મહત્વ છે અંતરના જે અમી ઘૂંટીને રાખડી બાંધતી વખતે આશીર્વાદ આપે તેનું છે.રક્ષા બંધનના દિવસે બહેનો વ્રત પણ કરતી હોય છે અને રક્ષાબંધન વ્રતના પ્રભાવે ભાઈ-બહેનના હેત વધે છે, આયુષ્યમાં અભિવૃદ્ધિ થાય છે અને ધનધાન્ય તથા સંપત્તિની પણ વૃદ્ધિ થાય છે. કરવાથી ભૂત, પ્રેત, પિશાચ વગેરેના ત્રાસમાંથી મુક્તિ મળે છે. આ પવિત્ર વ્રત સર્વ રોગોનું નિવારણ કરે છે સાથોસાથ અશુભોનું પણ નિવારણ કરે છે.



ભિલોડા જન સેવા સંઘ સંચાલિત જન સેવા અંગ્રેજી, ગુજરાતી મીડીયમ સ્કુલ, એન.આર.એ.વિદ્યાલય, એન.આર.એ. કન્યા વિદ્યાલયમાં રક્ષાબંધન પર્વની ધામધુમપુર્વક ઉજવણી યોજાઈ હતી. રક્ષાબંધન પર્વ નિમિત્તે વિદ્યાર્થીનીઓએ વિદ્યાર્થી ભાઈઓને રાખડીઓ બાંધી રક્ષાબંધનના પાવન પર્વની ઉલ્લાસભેર ઉજવણી કરાઈ હતી.

## 'આપણું મોડાસા' પરિવારે બહેરા મૂંગા શાળાના બાળકો સાથે રક્ષાબંધની ઉજવણી કરી

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં સોશ્યલ મીડિયામાં ચાલતા ''આપણું મોડાસા'' ગ્રુપ ના યુવાનો અને મહિલાઓ દ્વારા વિવિધ સેવાકીય કર્યો માટે સતત પ્રયત્નશીલ રહે છે રક્ષાબંધન પર્વ નીમીત્તે ગ્રુપના ભગીરથ કુમાવત, કોર્પોરેટર કલ્પનાબેન ભાવસાર, મખદૂમ હાઈસ્કૂલના પ્રમુખ નેઈમ મેઘરેજી, પૂર્વ નગરસેવક નીતિન પંડ્યા સહીત ગ્રુપ સદશ્યોએ મોડાસા ની બહેરા-મૂંગા શાળાના વિદ્યાર્થીઓ સાથે ઉજવણી કરી મીઠાઈ આપી ખુશીઓ વહેંચવાનો અનોખો પ્રયાસ કર્યો હતો. બહેરા મૂંગા શાળામાં અભ્યાસ કરતા બાળકો માં આનંદ છવાયો હતો.



## રમોસ ગામે પ્લાસ્ટિક હટાવો પર્યાવરણ બચાવો અભિયાન યોજાયું

ધનસુરા તાલુકાના રમોસ ગામે પ્લાસ્ટિક હટાવો પર્યાવરણ બચાવોના કાર્યક્રમ હેઠળ જન જાગૃતિ અભિયાન યોજાયું હતું. જેમાં પ્લાસ્ટિકની થેલી ન વાપરવી અને એની જગ્યાએ કપડાની કે બીજી કોઈ થેલીનો ઉપયોગ કરવો જેવી બાબતોના બેનર સાથે ગામમાં રેલી કાઢવામાં આવી હતી. જેમાં ગામના સરપંચ રેખાબેન ભાવેશભાઈ ચૌધરી, શાળાના આચાર્ય, શિક્ષકો અને વિદ્યાર્થીઓએ ગામમા ઘરે ઘરે ફરી લોકોને પ્લાસ્ટિકની થેલી ન વાપરી પર્યાવરણની જાળવણીમા સૌને સહભાગી થવા જણાવ્યું હતું.



## ખેડબ્રહ્મા ભાજપ દ્વારા રક્ષાબંધન ઉજવાઈ

ખેડબ્રહમાં તાલુકા ભાજપ દ્વારા શનિવારના રોજ રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત મહિલા મોરચાના પ્રમુખ સપનાબેન, મહામંત્રી પ્રિયંકાબેન સહિત કાર્યકરોએ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં પી.એસ.આઈ. તથા સ્ટાફને રાખડી બાંધી શુભેચ્છાઓ પાઠવી હતી.

## ધાનેરાથી ભિન્નમાલ ખીમજ માતાના ધામમાં પગપાળા સંઘે ધજા ચડાવી

દર વર્ષ ની જેમ આ વર્ષે પણ ધાનેરા થી ભિન્નમાલ ખીમજ માતાના ધામમાં પગપાળા સંઘે પહોંચી ખીમજ માતાને ધજા ચડાવી હતી જેમાં મોટી સંખ્યામાં ભક્તો સહીત ધાનેરા નગરપાલિકા ના પ્રમુખ અને કોર્પોરેટર જોડાયા હતા.

દર વર્ષે શ્રાવણ મહિના ની અગિયારસ ના દિવસે ધાનેરા થી ભીનમા ખીમજ માતાના ધામમાં જવામાં માટે પગપાળા સંઘ રવાના થાય છે જેમાં મોટી સંખ્યા માં લોકો જોડાય છે ત્યારે આ વખતે આ સંઘ માં ધાનેરા નગરપાલિકા ના પ્રમુખ બળવંતભાઈ બારોટ ,અને ચેરમેન જયેશભાઈ સોલંકી પણ જોડાયા હતા અને ચાલતા માતાના ધામમાં પહોંચ્યા હતા અને વાજતે ગાજતે માતાજીને ધજા ચડાવી ધન્યતા અનુભવી હતી.

# હિંમતનગર એસીબીમાં અનુસુચિત જાતિ કલ્યાણ કચેરીના નાયબ નિયામક સહિત છ સામે ફરિયાદ

સાબરકાંઠામાં એક માસ અગાઉ અનુસુચીત જાતી કલ્યાણ ના મદદનિશ નિયામકની કચેરીમાં એસીબી દ્વારા સર્ચ ઓપરેશનની કાર્યવાહી હાથ ધરાઈ હતી. જેમાં મોડી રાત્રી સુધી ચાલેલી સર્ચ ઓપરેશનની કાર્યવાહી મધ્યરાત્રીએ પુર્ણ કરીને કચેરીના મદદનિશ નિયામક એએમ પટેલ અને તેમના અધીકારીઓ અને કર્મચારીઓને મુક્ત કરવામાં આવ્યા હતા. જોકે એસીબીએ કચેરીમાં આવેલી ગ્રાન્ટ અને તેના હીસાબોના તમામ દસ્તાવેજોને એકત્ર કરી એસીબી કચેરી હિંમતનગર ખાતે લઈ જવાયા હતા.જ્યાં સાબરકાંઠા જીલ્લાની અનુસુચીત જાતી કલ્યાણ ના મદદનિશ નિયામક ની કચેરીમાં એસીબીની સર્ચ કાર્યવાહી કરાઈ હતી.જેમાં મદદનિશ નિયામક એ.એમ પટેલ અને તેમના અધીકારીઓ અને કર્મચારીઓની પુછપરછ હાથ ધરવામાં આવી હતી. આ ઉપરાંત એસીબીના અધીકારીઓ રાજ્ય સરકાર દ્વારા ફાળવાયેલી ગ્રાન્ટોના હીસાબો સહીત વિધ્યાર્થીઓની શિષ્યવૃત્તીના દસ્તાવેજો પણ ચકાસ્યા હતા અને જેમાંના શંકાસ્પદ તમામ દસ્તાવેજોને પોતાના હસ્તક લઈને તમામ હીસાબોના કાગળોના મોટા જથ્થાને એસીબીની હિંમતનગર ખાતેની કચેરીએ લઈ જવાયા હતા અને જ્યા તે કાગળોનો અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો.એસીબીના દ્વારા દસ્તાવેજોના હીસાબ કર્યા બાદ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી .જેને પગલે આજે એક માસ બાદ બે સંસ્થાઓ સહીત ૪ અધિકારીઓ સામે વિવિધ કલમો હેઠળ ફરિયાદ નોધાઈ છે જેના પગલે આજે સમગ્ર જીલ્લા વહીવટી તંત્ર માં ખળભરાટ સર્જાયો છે તેમજ આગામી સમયમાં તમામ આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી પણ કરવામાં આવશે તેવું સત્તાવાર સુત્રોએ જણાવ્યું હતું

### કોના સામે ફરિયાદ

૧. અરજણભાઈ મોતીભાઈ પટેલ,નાયબ નિયામક,અનુસુચિત જાતિ કલ્યાણની કચેરી,સાબરકાંઠા
૨. ગણપતભાઈ મોહનભાઈ ચૌહાણ,મદદનીશ સમાજકલ્યાણ અધિકારી,સાબરકાંઠા
૩. રોહિત ધુળાભાઈ પટેલ,સંચાલક,નિર્મળ ફાઉન્ડેશન અમદાવાદ
૪. સંચાલક,આઈટીઆરસી ટેકનોલોજી પ્રા.લીમીટેડ,ઈન્દોર,એમપી
૫. લારુસ એજ્યુકેશન પ્રા.લીમીટેડ,ગુડગાઉ,હરિયાણા
૬. શ્રી ગુજરાત એજ્યુકેશન ટ્રસ્ટ,સુરત